

# NJ FAMILYCARE

## કિફાયતી હેલ્થ કવરેજ. ગુણવત્તાસભર સંભાળ.

સ્ટેટ ઓફ ન્યુ જર્સી દ્વારા પૂરું પાડવામાં આવે છે

જોન એસ, કોરજાઇન, ગવર્નર
સ્ટેટ ઓફ ન્યુ જર્સી

એનજે ફેમિલી કેર (એનજે પરિવાર સંભાળ) વીમાનું કવરેજ ન ધરાવતા 18 કે તેથી ઓછી વયનાં કિશારો અને ઓછી આવક ધરાવતા વાલીઓ માટે ગુણવત્તાસભર, નિશુલ્ક અથવા ઓછા દરનું આરોગ્ય કવરેજ પૂરું પાડે છે. હાલમાં આ કાર્યક્રમ ન્યુ જર્સીનાં પાંચ લાખથી વધુ બાળકોને આવરે છે.



## શું આવરી લેવામાં આવે છે?

એનજે ફેમિલી કેર સંપૂર્ણ રાજ્યમાં કાર્યરત પ્રતિષ્ઠિત આરોગ્ય જાળવણી સંસ્થાઓ (હેલ્થ મેઇન્ટનેન્સ ઓર્ગેનાઇઝેશન્સ) [HMOs] દ્વારા સંપૂર્ણ આરોગ્ય કવરેજ પૂરું પાડે છે.

એનજે ફેમિલી કેર લગભગ પ્રત્યેક આરોગ્ય સંભાળને આવરી લે છે, જેમાં નીચેનો સમાવેશ થાય છે:

- ડોકટરની મુલાકાત
- પ્રિસ્ક્રીપશન્સ દવાઓ
- લેબોરેટરી પરીક્ષણો
- એક્સ-રે
- હોસ્પિટલમાં ભરતી
- દંતચિકિત્સા (મોટાભાગનાં બાળકો માટે)
- આઇગ્લાસીસ (ચશ્મા)
- માનસિક આરોગ્ય સેવાઓ
- વિશેષજ્ઞની મુલાકાતો

## કોણ પાત્ર છે?

ફક્ત બાળકો અને 18 કે તેથી ઓછી વયનાં કિશારો અને ન્યુ જર્સીમાં રહેતા અમુક ઓછી આવક ધરાવતા વાલીઓ એનજે ફેમિલી કેર કવરેજ પ્રાપ્ત કરવાની યોગ્યતા ધરાવે છે. યોગ્યતા પરિવારનાં કદ, બાળકો અને પુખ્ત વ્યકિતઓ સહિત, અને માસિક આવક પર આધારિત છે. મિલકત ગણવામાં નથી આવતી. (જમણી બાજુનું કોષ્ટક જુઓ)



### 2006 મહત્તમ માસિક પારિવારિક આવક

કૃપા કરીને કોષ્ટકની સમીક્ષા કરો. એ પરિવારના કદ અને કર પહેલાંની માસિક આવક પર આધારિત છે. જો તમે જણાવેલી રકમ કરતા ઓછી આવક ધરાવતા હો અને તમને વીમા આવરણ નથી તો તમે કદાચ લાયક છે.

**2006 મહત્તમ કુલ માસિક આવક સીમા**

| પરિવારનુ કદ* | માત્ર બાળકો માટે આવરણ (18 અને તેથી ઓછી વયના) | માત્ર વાલી/પાલક અને બાળકોનું આવરણ |
|---|---|---|
| 2 | $3,850 | $1,265 |
| 3 | $4,842 | $1,591 |
| 4 | $5,834 | $1,917 |
| 5 | $6,825 | $2,243 |
| 6** | $7,817 | $2,569 |

* ઘરમાં રહેતા વાલીઓ/પાલકો અને તેમના બાળકોનો સમાવેશ થાય છે
** મોટા પરિવારો માટે, તમારી માસિક માર્ગદર્શિકા નક્કી કરવા, અમને કૉલ કરો.

## તેનો ખર્ચ કેટલો છે?

ઘણાં પરિવારો માટે, કોઇ માસિક પ્રીમિયમ કે સહ-ચૂકવણી નથી. ઉંચી માસિક આવક ધરાવતા પરિવારનાં બાળકો માટે, જો કે, નાની રકમની સહ-ચૂકવણી માસિક પ્રિમિયમ જરુરી હોઇ શકે છે.

## શું તેમાં કોઇ બંધન છે?

પૂર્વ સ્થાપિત પરિસ્થિતિઓ યોગ્યતાને અસર કરતી નથી. મોટાભાગનાં કિસ્સાઓમાં, લગભગ ત્રણ મહિનાઓ માટે બાળકો આરોગ્ય વીમો ન ધરાવતા હોવા અનિવાર્ય છે. કારણકે અપવાદ પણ હોય છે, આથી જો તમને સવાલો પૂછવા હોય તો એનજે ફેમિલી કેરને કૉલ કરો.

મોટાભાગનાં કાયદેસરનાં પરદેશી વસવાટીઓ, જેમના દસ્તાવેજો તેમને કાયમી રીતે અહીં વસવાટ કરવાની પરવાનગી આપે છે તેઓ યોગ્યતા ધરાવે છે. દસ્તાવેજો ન ધરાવતા વસવાટીઓ માટે, તેમના બાળકો યોગ્યતા ધરાવી શકે છે જો તેમનો જન્મ યુ.એસ. માં થયો હોય.

## વધુ માહિતી કેવી રીતે મેળવી શકાય?

તમે યોગ્યતા ધરાવો છો કે નહીં તે જાણવા માટે, અથવા વધુ જાણકારી માટે, અમને ફોન કરો અથવા અમારી વેબસાઇટ જુઓ.





**1-800-701-0710**
(બહુભાષિય ઓપરેટરો ઉપલબ્ધ છે)

**www.njfamilycare.org**
**ઑનલાઇન અરજી કરો!**

**TTY 1-800-701-0720**
(શ્રવણની અક્ષમતા ધરાવતા લોકો માટે)